# હિમતોફાનના પગલે સ્પેનના પર્યટન સ્થળ માલાગામાં સફેદ બરફની ચાદર છવાઈ



મેડ્રીડ, તા. 26: સ્પેનમાં શિયાળાના તોફાને પર્યટક સ્થળ માલાગાના કેટલાક વિસ્તારોને કરા અને બરફથી ઢાંકી દીધા બાદ સ્પેનનું આ રજાઓ માટેનું લોકપ્રિય સ્થળ સફેદ થઈ ગયું હતું.

અદ્ભુત તસવીરો અને ફૂટેજમાં માર્ગો પૂરના પાણીમાં ડૂબી ગયેલા દેખાય છે આકાશમાંથી ભારે કરા પડતા દેખાય છે.

મંગળવારની બપોરે, અલ્હૌરન અલ ગ્રાન્ડે શહેરમાં ભારે કરાના તોફાનમાં કરાઓ કાર સાથે અથડાઈ રહેલા અને રસ્તાઓ સફેદ બર્ફીલા થઈ ગયા જોવા મળ્યા હતા.

સપ્તાહના અંતે, માલાગામાં સીએરા ડે લાસ નિવ્સ નેશનલ પાર્ક અને આસપાસના વિસ્તારોમાં શિયાળાનું તોફાન માર્ટિન્હો ત્રાટક્યું હતું અને વિસ્તારને બરફ આચ્છાદિત કર્યું હતું, આ વિસ્તારમાં હવમાન સામાન્ય રીતે ખુલ્લુ અને સૂર્યપ્રકાશવાળું રહે છે.

બરફથી ઢંકાયેલા પર્વતો માલાગા એરપોર્ટ પરથી દેખાઈ રહ્યા છે, અને રજાઓ ગાળવા આવેલા પર્યટકો અને સ્થાનિકોને હવામાને સ્તબ્ધ કરી દીધા છે.

# ઓસ્ટ્રેલિયાની સંસદમાં કાર્યવાહી દરમિયાન સાંસદે મરેલી માછલી દેખાડી



સિડની, તા. 26: સેલ્મોન માછલીના ઉછેરના ઉદ્યોગને રક્ષણ આપતા વિવાદાસ્પદ બિલ પર ચર્ચા ત્યારે અંધાધૂંધીમાં બદલાઈ ગઈ જ્યારે ગ્રીન્સ પાર્ટીની એક સાંસદે સંસદમાં સડેલી મૃત માછલીને દેખાડી હતી.

વડા પ્રધાન એન્થોની અલ્બેનીઝે તાસ્માનિયાના વિશ્વ-વારસામાં સૂચિબદ્ધ મેક્વેરી હાર્બરમાં સેલ્મોન માછલીના ઉછેરના ઉદ્યોગને સુરક્ષિત રાખવા માટે કાયદો બનાવવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી, જેના કારણે બુધવારે સંસદમાં ઉગ્ર ચર્ચા અને અંધાધૂંધીભર્યા દ્રશ્યો સર્જાયા હતા.

બિલના ટીકાકારો મુખ્યત્વે ચિંતિત છે કે ઉદ્યોગથી થતું પ્રદૂષણ મૌજીયન સ્કેટને જોખમમાં મૂકશે, જે ફક્ત આ રાજ્યમાં જ જોવા મળે છે.

ગ્રીન્સ પાર્ટીની સાંસદ સારાહ હેન્સન-યંગે પ્લાસ્ટિકની થેલીમાં એક વિશાળ, માથું કપાયેલી સેલ્મોન માછલી હવામાં લહેરાવી હતી.

'હવે જ્યારે સડેલા, ઝેરી સેલ્મોન ઉદ્યોગ આપણા પર્યાવરણ કાયદાઓથી બચીને નીકળી ગયો છે, તો હવે પછી કયો ઝેરી ઉદ્યોગ લગાવવામાં આવશે? એમ તેમણે સંસદમાં કહ્યું હતું.

'શું તમે સડેલા, દુર્ગંધ મારતા સેલ્મોન ઉદ્યોગ માટે તમારી પર્યાવરણીય વચનબદ્ધતા વેચી દીધી છે?', એમ તેમણે કહ્યું.

# વધતી ગરમી સાથે ભારતમાં 2035 સુધી 150 મિલિયન રૂમ એસી ઉમેરાશે

**ભારતમાં** દર વર્ષે 10-15 મિલિયન નવા એસી ઉમેરાય છે

**2026ની** શરૂઆતમાં વીજળીની ગંભીર અછત થઈ શકે છેઃ : અભ્યાસ

નવી દિલ્હી, તા. 26 (પીટીઆઈ): ભારતમાં આગામી દાયકામાં 130થી 150 મિલિયન નવા રૂમ એર કંડીશનર્સ ઉમેરાશે એવી અપેક્ષા છે જે 2035 સુધીમાં દેશની પીક પાવર ડિમાન્ડમાં 180 ગીગાવોટથી (ડીડબ્લુ) વધુનો વધારો કરી શકે છે, જેના કારણે પાવર સિસ્ટમ પર વધુ ભારણ લાવી શકે છે, એમ બુધવારે પ્રકાશિત થયેલા એક નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું હતું.

બર્કલેની યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયામાં (યુસી) ઈન્ડિયા એનર્જી એન્ડ ક્લાઈમેટ સેન્ટર (આઈઈસીસી) દ્વારા કરાયેલા આવેલા અભ્યાસમાં જણાવાયું છે કે સૌથી ઝડપી વિકાસશીલ અર્થવ્યવસ્થા વીજળીની ગંભીર અછતને ટાળી શકે છે અને ગ્રાહકોના રૂ. 2.2 લાખ કરોડ (26 અબજ ડોલર) સુધી બચાવી શકે છે જે માટે તેણે આવતા 10 વર્ષમાં રૂમ એસીની ઊર્જા કાર્યક્ષમતા બમણી કરવી પડશે. ભારતમાં દર વર્ષે 10-15 મિલિયન નવા એસી ઉમેરાય છે.

# મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં કુણાલ કામરા વિરુદ્ધ વિશેષાધિકાર ભંગની નોટિસ

**જો** સમિતિ નોટિસને મંજૂરી આપે છે તો પ્રસ્તાવ પર ગૃહમાં ચર્ચા કરવામાં આવશે

મુંબઈ, તા. 26 (પીટીઆઈ) : સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરા સામે બુધવારે મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેને નિશાન બનાવતા તેમના પેરોડી ગીત બદલ વિશેષાધિકાર ભંગની નોટિસ રજૂ કરવામાં આવી હતી.

ભાજપના ધારાસભ્ય પ્રવીણ દારેકરે કોમેડિયન તેમ જ શિવસેના (યુબીટી)ના પ્રવક્તા સુષમા અંધારે સામે નોટિસ રજૂ કરી હતી.

પ્રસ્તાવ રજૂ કરતાં વિધાન પરિષદના નેતા દારેકરે જણાવ્યું હતું કે, કુણાલ કામરાએ નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેના વ્યક્તિગત અને અપમાનજનક સંદર્ભો ધરાવતું ગીત રજૂ કર્યું હતું.

દારેકરે જણાવ્યું કે, અંધારેએ પ્રદર્શનને ટેકો આપ્યો હતો અને વાંધાજનક ભાષાનો ઉપયોગ કર્યો હતો, જે ગૃહના અપમાન સમાન છે.

દાવો દારેકરે કર્યો હતો કે, કામરા અને અંધારે બંનેએ તેમની ટિપ્પણીઓ દ્વારા વિધાનસભા સંસ્થાઓની ગરિમાનો અનાદર કર્યો હતો.

વિશેષાધિકાર સમિતિ સમક્ષ રજૂ થાય તે પહેલાં કાઉન્સિલના અધ્યક્ષ રામ શિંદે દ્વારા નોટિસને મંજૂરી આપવી પડશે. જો સમિતિ તેને મંજૂરી આપે છે તો પ્રસ્તાવ પર ગૃહમાં ચર્ચા કરવામાં આવશે.

રાજ્ય વિધાનસભામાં શિવસેનાના ધારાસભ્ય રમેશ બોર્નારેએ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની મજાક ઉડાવવા બદલ અંધારે સામે વિશેષાધિકાર ભંગની નોટિસ રજૂ કરી હતી.

નાણા રાજ્યમંત્રી આશિષ જયસ્વાલે બોર્નારેને ટેકો આપ્યો હતો.

દરમિયાન કામરાએ પોતાની વાત પર અડગ રહીને માફી માંગવાનો ઈનકાર કર્યો હતો. કામરાએ સોમવારે મોડી રાત્રે એક નિવેદનમાં કહ્યું, ''હું માફી માંગીશ નહીં કે વિવાદ શાંત થવાની રાહ જોતા પલંગ નીચે છુપાઈશ નહીં.''

# પત્ની સાથે શંકાસ્પદ આડા સંબંધના કારણે યોગ શિક્ષકને જીવતો દાટી દેવાયો

**આરોપીઓએ** જગદીપનું અપહરણ કર્યું, તેના મોં પર ટેપ લગાવી, તેના હાથ-પગ બાંધ્યા અને એક ઉજ્જડ ખેતરમાં જીવતો દફનાવી દીધો

3 મહિના બાદ મૃતદેહ મળ્યો

રોહતક, તા. 26 (પીટીઆઈ): યોગ શિક્ષક ગુમ થયાના ત્રણ મહિના પછી તેનો મૃતદેહ ચરખી દાદરીના એક ખાડામાંથી મળી આવ્યો હતો, તપાસમાં ખુલાસો થયો હતો કે મુખ્ય આરોપીની પત્ની સાથે શંકાસ્પદ આડા સંબંધના કારણે તેને જીવતો દફનાવી દેવામાં આવ્યો હતો. એમ પોલીસે બુધવારે જણાવ્યું હતું.

45 વર્ષીય જગદીપ અહીંની એક સંસ્થામાં કામ કરતો હતો અને છેલ્લા કેટલાક સમયથી ભાડાના મકાનમાં રહેતો હતો. તે ત્રણ મહિના પહેલા ગુમ થયો હતો. ત્યાર બાદ તેના પરિવારે શિવાજી કોલોની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

સીસીટીવી ફૂટેજની તપાસ સહિતની તપાસમાં મુખ્ય આરોપી રાજકરણના બે સાથીઓની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે, રાજકરણને જગદીપ પર તેની પત્ની સાથે અફેર હોવાની શંકા હતી.

તેમની પૂછપરછ બાદ પોલીસને સોમવારે ચરખી દાદરીના એક ગામમાં 7 ફૂટ ઊંડા ખાડામાં દફનાવવામાં આવેલી લાશ મળી આવી હતી. એમ પોલીસે જણાવ્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે,' 'મુખ્ય આરોપી રાજકરણ ફરાર છે અને તેને અને આ કેસમાં અન્ય એક આરોપીને પકડવાના પ્રયાસો ચાલુ છે. મુખ્ય આરોપીના બે સાથીઓની ધરપકડ કરવામાં આવી છે.''

રોહતકના એસએચઓ શિવાજી કોલોનીના ઇન્સ્પેક્ટર દિલબાગ સિંહે જણાવ્યું હતું કે, ' 'પ્રારંભિક તપાસ દરમિયાન એવું બહાર આવ્યું છે કે રાજકરણને શંકા હતી કે તેની પત્નીના યોગ શિક્ષક સાથે આડા સંબંધ છે. જોકે, રાજકરણ પકડાયા પછી ચોક્કસ વિગતો બહાર આવશે."

પૂછપરછ દરમિયાન આરોપીઓએ પોલીસને જણાવ્યું કે તેમણે જગદીપનું અપહરણ કર્યું હતું, તેના મોં પર ટેપ લગાવી, તેના હાથ-પગ બાંધ્યા અને તેને ચરખી દાદરી લઈ ગયા જ્યાં એક ઉજ્જડ ખેતરમાં ખાડો ખોદવામાં આવ્યો હતો.

એસએચઓના જણાવ્યા અનુસાર, શંકાસ્પદોએ પોલીસને જણાવ્યું કે તેને ખાડામાં જીવતો દફનાવી દેવામાં આવ્યો હતો.

# રાહુલ ગાંધી નિવૃત્ત સીએપીએફ જવાનોને મળ્યા, કહ્યું ભેદભાવ અંગે તેમની ચિંતા વ્યક્ત કરશે

નવી દિલ્હી, તા. 26 (પીટીઆઈ) : લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (સીએપીએફ)ના નિવૃત્ત જવાનોના પ્રતિનિધિમંડળને મળ્યા હતા અને કહ્યું કે તેઓએ વિવિધ દળોના શહીદો સાથે ભેદભાવ અંગે ચિંતા વ્યક્ત કરી છે.

ગાંધી મંગળવારે સંસદ ભવનના સંકુલમાં તેમના કાર્યાલયમાં છ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના નિવૃત્ત સૈનિકોના પ્રતિનિધિમંડળને મળ્યા.

તેમની વોટ્સએપ ચેનલ પર હિન્દીમાં એક પોસ્ટમાં, ગાંધીએ કહ્યું, ''હું તેમનો અવાજ ઉઠાવવા અને તેમને ન્યાય અપાવવા માટે દરેક શક્ય પ્રયાસ કરીશ.'' ભૂતપૂર્વ કોંગ્રેસ વડાએ પોસ્ટ કરી હતી કે, ''તેમની માગણીઓ પર વિગતવાર ચર્ચામાં તેઓએ કહ્યું કે તેમને મળતી કલ્યાણકારી યોજનાઓ અને નિવૃત્તિ લાભો તેમની સેવા મુજબ પૂરતા નથી. ઉપરાંત, તેઓએ વિવિધ દળોના શહીદો સાથે ભેદભાવ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.''

ગાંધીએ કહ્યું કે, દેશની સુરક્ષા માટે તૈનાત દરેક જવાન દેશનું ગૌરવ છે અને તેમને આપવામાં આવતા સન્માન અને સુવિધાઓમાં ભેદભાવ સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે.




## સોનાલી બેન્દ્રેનો હાથ ભાંગ્યો

મુંબઈ, તા. 26: જાણીતી બોલિવૂડ અભિનેત્રી સોનાલી બેન્દ્રે તાજેતરમાં એરપોર્ટ પર જોવા મળી હતી અને અહીં તે હાથ પર પ્લાસ્ટર બાંધેલી જોવા મળી હતી. વાસ્તવમાં તેનો હાથ ફ્રેક્ચર થઈ ગયો છે. તે એરપોર્ટ પર સિમ્પલ જીન્સ અને ટી-શર્ટમાં જોવા મળી હતી. તેની પાસે એક બેગ હતી અને તેના હાથમાં પ્લાસ્ટર પણ હતું. હવે સોનાલી બેન્દ્રેનો આ એરપોર્ટ પરનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે અને તેને જોયા પછી અભિનેત્રીના ચાહકો ખૂબ જ ચિંતિત થઈ ગયા છે. ઘણા લોકો આ વીડિયો પર ટિપ્પણી કરતા અને તેમના સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરતા જોવા મળ્યા. ઘણા લોકો પૂછી રહ્યા છે કે આ ફ્રેક્ચર કેવી રીતે થયું.




वित्त मंत्रालय MINISTRY OF FINANCE
सत्यमेव जयते

GST કરદાતાઓ
ધ્યાન આપો!

જેમ કરદાતાઓનું કુલ વાર્ષિક ટર્નઓવર નિર્દિષ્ટ મર્યાદા સુધી છે તેઓ 31 માર્ચ, 2025 સુધીમાં નાણાકીય વર્ષ 2025-2026 માટે GST કમ્પોઝિશન સ્કીમ પસંદ કરી શકે છે.

કમ્પોઝિશન સ્કીમનો લાભ લેવા માંગતા લાયક કરદાતાઓ GST પોર્ટલ (www.gst.gov.in) પર નિમ્ન પ્રક્રિયાનો વિકલ્પ પસંદ કરી શકે છે.



કરદાતા ઇન્ટરફેસમાં લોગ ઇન કરો
સેવાઓ - નોંધણી - કમ્પોઝિશન લેવી પસંદ કરવા માટે અરજી કરો
ફોર્મ GST CMP-02 ભરો અને સબમિટ કરો

જે લાયક કરદાતાઓ પહેલાથી જ કમ્પોઝિશન સ્કીમનો લાભ લઈ રહ્યા છે, જો તેઓ લાયક હોય તો તેમણે ફોર્મ CMP-2 ફાઇલ કરવાની જરૂર નથી

સરળ અને અનુકૂળ પાલન
આકર્ષક કર દરો
ન્યૂનતમ પાલન આવશ્યકતાઓ
ઓટો રિન્યુઅલ અને નાપસંદ કરવા માટે સરળ
માલ અને સેવાઓના સપ્લાયર માટે ઉપલબ્ધ
ઓછી હિસાબી કામગીરી

| * સપ્લાયર્સના પ્રકાર | | # નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન કુલ વાર્ષિક ટર્નઓવર |
|---|---|---|
| માલના સપ્લાયરઃ | 08 નિર્દિષ્ટ રાજ્યોમાં નોંધાયેલા કરદાતાઓ | રૂ. 75 લાખ સુધી |
| | અન્ય રાજ્યોમાં નોંધાયેલા કરદાતાઓ | રૂ. 150 લાખ સુધી |
| સેવાઓના સપ્લાયર | | રૂ. 50 લાખ સુધી |

વધુ વિગતો માટે કૃપા કરીને CGST કાયદાની કલમ 10, CGST નિયમોના નિયમ 3-7 અને સૂચના નંબર 14/2019 - તા. 07.03.2019ના સેન્ટ્રલ ટેક્સનો સંદર્ભ લો

GST કમ્પોઝિશન સ્કીમ : નાના કરદાતાઓ માટે મોટા ફાયદા

મને સ્કેન કરો!

CBC 15502/13/0010/2425

સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇન્ડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ
@cbicindia @cbic_india @cbicindia @cbicindia @CBIC india